# કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા મહેમદાવાદ તાલુકાના કનીજ ગામ ખાતે પ્રાકૃતિક ખેડૂત શિબિર યોજાઈ

આણંદ કૃષિ યુનિવર્સિટીના, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી અને ચંબલ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે મહેમદાવાદ તાલુકાના કનીજ ગામે કુલપતિ ડો. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ કૃષિ માટેની તાલીમમાં ડૉ. ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી દ્વારા પ્રાકૃતિક ખેતી અને જીવામૃત બનાવવાની રીત, જમીનનો નમુનો લેવાની રીત, ખેતી વ્યવસ્થાપન અને મૂલ્યવર્ધન વિષે માહિતી આપેલ હતી અને ચંબલ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ કંપનીના શ્રી આર. કે. અડવાણી, અમદાવાદે કંપનીની પ્રોડક્ટ અંગે માહિતી આપેલ હતી. જેમાં કનીજ ગામના ૮૭ પ્રગતિશીલ ખેડૂતો, ૩ ગ્રામ સેવક અને ચંબલ ફર્ટીલાઈઝર્સ, અમદાવાદના સ્ટાફે ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અમલીકરણ ડૉ. ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલીએ કરેલ હતું.






